ભારત ત્રાસવાદી-જેહાદીને છોડશે નહીં : મોદી

કોંગી, મુસ્લિમ લીગને મત મળશે તો ત્રાસવાદીઓને છુટો દોર મળશે : ન્યાય યોજના મુદ્દે કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો

રામનાથપુરમ, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચુંટણીને લઈને કર્ણાટક અને તમિલનાડુમાં ઝંઝાવતી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. તમિલનાડુમાં મોદીએ સબરીમાલાના મુદ્દાને ઉઠાવતા કોંગ્રેસ, ડાબેરીઓ અને મુસ્લિમ લીગ ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે ડાબેરીઆ, કોંગ્રેસ અને મુસ્લિમ લીગે સબરીમાલામાં ખતરનાક રમત રમી છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે આ લોકોએ અમારી આસ્થા અને સંસ્કૃતિ ઉપર આઘાત પહોંચાડવાના પ્રયાસ કર્યા છે પરંતુ કોંગ્રેસ, ડાબેરીઓ અને મુસ્લિમ લીગ માટે દુઃખની વાત એ છે કે જ્યાં સુધી કેન્દ્રમાં ભાજપની સરકાર છે તેઓ પોતાના ઈરાદામાં ક્યારેય પણ સફળ થશે નહીં. તમિલનાડુના રામનાથપુરમમાં વિપક્ષ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે ૨૩મી મેના દિવસે કેન્દ્રમાં ફરી એકવાર ભાજપની સરકાર બનશે. આની સાથે જ લોકોને વચન આપ્યું હતું કે ૨૩મી મેના દિવસે સરકાર બની ગયા

બાદ એક અલગથી જળ મંત્રાલયની રચના કરવામાં આવશે. મોદીએ પોતાની યોજનાઓની માહિતી આપી. એમ પણ કહ્યું હતું કે અમારી સરકાર દરેક વર્ગના લોકોને ધ્યાનમાં લઈને વિકાસની યોજના બનાવી રહી છે. સબકા સાથ સબકા વિકાસ ઉપર અમે વિશ્વાસ રાખીએ છીએ. પૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક અબ્દુલ કલામનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે અમે તેમના આદર્શોને ધ્યાનમાં લઈને તેમના સપનાઓને પૂર્ણ કરવા માટે આગળ વધી રહ્યા છીએ. દેશ માટે કલામે જે સપના જોયા હતા તે પુરા કરવામાં આવશે. તમિલનાડુના થેનીમાં મોદીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે કોંગ્રેસ અને બેઈમાનોમાં મજબૂત મિત્રતા થયેલી છે. બંનેએ હાથ મિલાવ્યા છે પરંતુ કેટલીક વખત આ લોકો વાસ્તવિકતા કબુલી લે છે. આ લોકો કી રહ્યા છે કે હવે ન્યાય થશે એટલે કે આ લોકો આ બાબત તો સ્વીકારે છે કે ૬૯ વર્ષ સુધી તેઓએ અન્યાય કર્યો છે. પૂર્વ નાણામંત્રી ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે પિતા નાણામંત્રી બન્યા અને પુત્રએ દેશને લૂંટવાની શરૂઆત કરી હતી. જ્યારે પણ સરકારમાં રહ્યા ત્યારે હંમેશા લૂંટ ચલાવતા રહ્યા હતા. મોડેથી કર્ણાટકમાં મેંગલોરમાં પણ મોદીએ રેલી યોજી હતી. જેમાં કોંગ્રેસ અને જનતાદળ સેક્યુલર પર આક્ષેપબાજી કરતા મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસ, જેડીએસ અને તેમના જેવા અનેક પક્ષોની પ્રેરણા પરિવારવાદ છે પરંતુ અમારી પ્રેરણા રાષ્ટ્રવાદની રહેલી છે. પોતાના પરિવારના છેલ્લા સભ્ય સુધી સત્તાનો લાભ પરિવારવાદના લોકો આપે છે. જ્યારે અમે સમાજના દરેક વર્ગ સુધી લાભ પહોંચાડવાના પ્રયાસ કરી રહ્યા છીએ.

મોદી ફરી વડાપ્રધાન બને તે માટે પ્રાર્થના

બલિયામાં દુર્ગા મંદિર હવે મોદી મંદિર : લોકોના વ્રત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકોને સોશિયલ મિડિયા પર ભક્ત કહેનાર લોકોની ભરમાર રહેલી છે પરંતુ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લામાં તો મોદીને ભગવાન તરીકે માનનાર લોકોની પણ સંખ્યા ખુબ મોટી છે. હાલમાં બલિયા જિલ્લામાં મોદીને ભગવાન તરીકે ગણીને પુજા કરનાર લોકોની સંખ્યા વધી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ બલિયા જિલ્લાના બાંસડીહ નગર પંચાયતમાં સ્થિત દુર્ગા મંદિર હવે મોદી મંદિર બની ગયુ છે. આ નવરાત્રીના ગાળા દરમિયાન પુજા કરનાર લોકોઅહીં મોટા પાયે પહોંચી રહ્યા છે. દુર્ગા મંદિરમાં મોદીનો ફોટો લગાવીન ભગવાનની જેમ પુજા કરનાર લોકો પણ છે. મોદીનો ફોટો લગાવીને પુજા કરનાર ભક્તોમાં મહિલાઓની સંખ્યા પણ ઓછી રહી નથી. ગામના લોકો મોદીનીપુજાની સાથે સાથે ફરી તેમને વડાપ્રધાન બનાવવા માટે નવ દિવસ લોકો વ્રત રાખી રહ્યા છે. આની સાથે સાથે સ્થાનિક લોકોએ માંગ કરી છે કે પ્રદેશની યોગી સરકાર બાંસડીહ નગર પંચાયતનુ નામ બદલીને હવે મોદી નગર પંચાયત કરી દે. એવુ જાણવા મળ્યુ છે કે દુર્ગા મંદિરમાં પીમના ફોટો પર લોકો તિલક લગાવ છે.

મહિલાઓ, પુરૂષો અને બાળકો પણ મોદીને ખુબ પસંદ કરે છે. આ તમામ લોકો મોદીને ભગવાન તરીકે ગણીને અગરબત્તી દર્શાવીને વિજય તિલક કરે છે. મોદી માટે વ્રત રાખી રહેલા લોકોનુ કહેવુ છે કે નવરાત્રમાં અમે દુર્ગા માતા સમક્ષ ખાસ પુજા કરી રહ્યા છીએ.મોદીના મોટા ભક્ત તરીકે રહેલી મહિલા રમાવતીએ કહ્યુ છે કે નવરાત્રીના પ્રથમ દિવસે માતા દુર્ગાની ખાસ પુજા કરવામાં આવી હતી. તેમને ફરી વડાપ્રધાન બનાવવા માટેની ઈચ્છા ભગવાન સમક્ષ વ્યક્ત કરાઈ હતી. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચુંટણી વેળા દેશભરમાં મોદી લહેર હતી. જેના પરિણામ સ્વરૂપે ઉતરપ્રદેશની મોટાભાગની સીટો ભાજપે જીતી લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પ્રચંડ બહુમત સાથે વારાણસીમાંથી જીત મેળવી હતી. પાંચ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર લોકસભાની ચુંટણી યોજાઈ રહી છે ત્યારે આ વખતે પણ રાષ્ટ્રવાદના મુદ્દા પર મોદી જોરદાર પ્રચાર કરી રહ્યા છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં તેમની લોકપ્રિયતા કેટલાક વર્ગોમાં હજુ પણ અકબંધ રહેલી છે. બલિયા જિલ્લામાં દુર્ગા મંદિર મોદી મંદિર તરીકે બદલાઈ ગયા બાદ આ ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો મોદી ફરી વડાપ્રધાન બને તે માટે નવ દિવસ સુધી સતત ઉપવાસ કરી રહ્યા છે.

વારાણસીમાં મોદી-પ્રિયંકા વચ્ચે જંગની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૩

લોકસભાની ચૂંટણીનો ગરમાવો દેશભરમાં બરાબરનો જામ્યો છે. તેમાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તર પ્રદેશની વારાણસી બેઠક પરથી ચૂંટણી લડવાના છે તે વારાનસી બેઠકને લઈને હજી પણ સસ્પેન્સ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કોણ ચૂંટણી મેદાને પડશે તેને લઈને દેશભરના લોકોની નજર છે. પરંતુ હવે આ સ્થિતિ સ્પષ્ટ થઈ શકે છે.

કોંગ્રેસ તરફથી પાર્ટી મહાસચિવ અને પૂર્વ ઉત્તર પ્રદેશની પ્રભારી પ્રિયંકા ગાંધી વારાણસી બેઠક પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડી શકે છે. સૂત્રો તરફથી હાથ લાગેલી વિગતો પ્રમાણે પ્રિયંકા ગાંધીએ પોતે અહીંથી ચૂંટણી લડવાની હા ભરી દીધી છે. જોકે આ મામલે અંતિમ નિર્ણય કોંગ્રેસ અધ્યક્ષ અને તેમના ભાઈ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની માતા સોનિયા ગાંધીએ લેવાનો છે.

પાર્ટી મહાસચિવ બન્યા બાદ પ્રિયંકા રાજકારણમાં ખુબ જ સક્રિયતા દાખવી રહ્યાં છે. તેઓ પાર્ટી માટે પ્રદેશના જુદા જુદા વિસ્તારોમાં પ્રચાર કરી રહ્યાં છે. ગત કેટલાક દિવસ પહેલા તેમણે એક સમર્થકના સવાલ પર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડવાની વાત પણ કરી હતી.

પ્રિયંકા ગાંધીએ વારાણસીમાં બાબા કાશી વિશ્વનાથના મંદિરના દર્શન પણ કર્યા, શહીદોના પરીજનોને મળ્યા અને ત્યાર બાદ રોડ શો પણ કર્યો. જેને લઈને કયાસ લગાવવામાં આવી રહ્યાં છે કે શું પ્રિયંકા ગાંધી અહીંથી લોકસભાની ચૂંટણી લડશે?

મમતા બેનર્જીએ રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને ઉતારવાની મંજૂરી ના આપતા સભા રદ

કોલકાત્તા,તા.૧૩

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના હેલીકોપ્ટરને ઉતરવાની મંજૂરી આપવાની ના પાડી દીધી છે. રાહુલ ગાંધીના હેલીકોપ્ટરને ઉતરવાની મંજૂરી નહીં મળતા સિલિગુડીમાં થનારી રાહુલ ગાંધીની સભા રદ કરવાની ફરજ પડી છે.

આ પહેલા મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી અને વડાપ્રધાન મોદીને હેલિકોપ્ટર ઉતારવાની મંજૂરી આપવામાં નનૈયો ભણ્યો હતો.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને દાર્જિલિંગ લોકસભા બેઠકના ઉમેદવાર શંકર મલાકારે કહ્યું કે, તેમણે પોલીસ ગ્રાઉન્ડમાં ૧૪ એપ્રિલે રાહુલ ગાંધીનું હેલીકોપ્ટર ઉતારવા માટેની મંજૂરી માંગી હતી, પરંતુ પોલીસે મંજૂરી આપવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. તેમણે કહ્યું કે, 'અમને મંજૂરી નહીં મળવાના કારણે રેલી રદ કરવી પડી છે.'સિલિગુડીના પોલીસ અધિકારી બી એલ મીણાએ આ વાતની પુષ્ટી કરતા કહ્યું કે, કોંગ્રેસે પોલીસ ગ્રાઉન્ડમાં હેલિકોપ્ટર ઉતારવાની મંજૂરી માંગી હતી પરંતુ અમે તેમને મંજૂરી આપી નથી.

મીણાએ કહ્યું કે, 'અમે તે ખાસ મેદાનમાં હેલિકોપ્ટર ઉતારવાની ના પાડી દીધી છે. અમારા કેટલાક નિયમો છે જેના કારણે અમે તેમને અહીં હેલિકોપ્ટર ઉતારવાની મંજૂરી આપી નથી.

રાજનાથસિંહ સામે મોદીના હમસકલ અભિનંદન પાઠકે ઉમેદવારી નોંધાવી

વડા પ્રધાન નરેન્દ્ર મોદી જેવા દેખાતા અભિનંદન પાઠક નામના એક ઉમેદવારે લખનઉ લોકસભા મતવિસ્તારમાંથી પોતાની ઉમેદવારી નોંધાવી છે. આ બેઠક પરથી ભાજપે કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથ સિંહને ઉભા રાખ્યા છે. રાજનાથ સિંહ ૨૦૧૪ની ચૂંટણીમાં લખનઉમાંથી ચૂંટાઈ આવ્યા હતા. અભિનંદન પાઠકને એમના મિત્રો 'છોટા મોદી' તરીકે ઓળખાવે છે. એમણે કહ્યું છે કે હું ૨૬ એપ્રિલે વારાણસીમાંથી પણ વડા પ્રધાન મોદીની સામે મારી ઉમેદવારી નોંધાવીશ. લખનઉમાં ૬ મેએ મતદાન છે. રાજનાથ સિંહ ૧૬ એપ્રિલે ઉમેદવારી નોંધાવવાના છે.

લખનઉમાં ૬ મેએ અને વારાણસીમાં ૧૯ મેએ મતદાન થવાનું છે. પાઠકે કહ્યું કે હું લોકોની સેવા કરવા, એમનું પ્રતિનિધિત્વ કરવા અને સંસદમાં એમનાં પ્રશ્નોની રજૂઆત કરવા માટે ચૂંટણીજંગમાં ઉતર્યો છું. પાઠકે વડા પ્રધાન મોદી જેવા જ અડધી બાંયના ખાદીના કુર્તાવાળા પહેરવેશમાં સજ્જ થઈને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીએ જઈને પોતાનું ઉમેદવારીપત્ર સુપરત કર્યું હતું. પાઠકે કહ્યું કે હું વડા પ્રધાન મોદીથી પ્રેરિત થયો છું, પણ એમની સરકારના નિર્ણયો મારા ગળે ઉતર્યા નથી. મન કી બાત કહેને વાલે ને મન કી બાત સુની નહીં.

અલી અને બજરંગબલી બંને ગઠબંધનની સાથે છે : માયાવતી

બદાયૂ, તા. ૧૩

ઉત્તરપ્રદેશમાં બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળના ગઠબંધને વધુ એક સંયુક્ત રેલી આજે યોજી હતી. બદાયૂમાં બીજી સંયુક્ત રેલીમાં મહાગઠબંધન દ્વારા શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન બોલતા બસપના વડા માયાવતીએ ખુલ્લી રીતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે ગઠબંધનની સાથે અલી અને બજરંગબલી બંને રહેલા છે. બંનેની મદદથી ગઠબંધનને જીત મળી શકશે. અલી અને બજરંગબલી વાળા નિવેદનને લઈને યોગી આદિત્યનાથ ચુંટણી પંચે લાલ આંખ કર્યા બાદ ફરીવાર આવા શબ્દોનો ઉપયોગ નહીં કરવાની વાત કરી છે પરંતુ માયાવતી આજે પણ આ મુદ્દાને લઈને ચુંટણી પંચની નોટીસ છતાં આક્ષેપો જારી રાખ્યા હતા. માયાવતીએ બદાયૂની રેલીમાં કહ્યું હતું કે ભીડને જોઈને લાગે છે કે નમો નમોવાળા લોકો જઈ રહ્યા છે અને જય ભીમ વાળા લોકો આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને આ બાબતને લઈને જવાબ આપવા માંગે છે. આ લોકોએ ગઠબંધનના સંબંધમાં ઈશારો કરતા કહ્યું છે કે તેમની પાસે અલી અને અમારી પાસે બજરંગબલી છે પરંતુ અમે કહેવા માંગીએ છીએ કે અમારા અલી પણ છે અને બજરંગબલી પણ છે. બંનેમાંથી કોઈપણ બહારના નથી. બંને અમારા છે. યોગી આદિત્યનાથના એવા નિવેદન ઉપર પ્રહાર કર્યા હતા જેમાં તેઓએ બજરંગબલીને દલિત તરીકે ગણાવ્યા હતા. અમને બજરંગબલીની જરૂર એટલા માટે વધારે છે કે બજરંગબલી પોતાની જાતિના છે એટલે કે દલિત છે. યોગીએ તેમની જાતિની શોધ કરી છે કે બજરંગબલી વનવાસી દલિત જાતિના છે. માયાવતીએ કહ્યું હતું કે તેઓ યોગીના આભારી છે કે અમારા વંશજન સંબંધમાં તેમની પાસે ખાસ માહિતી રહેલી છે.

મોદીના ફેસબુક પેજ પર ૪.૩૫ કરોડ લાઈક્સ છે, ટ્રમ્પના પેજને ૨.૩૦ કરોડ

ન્યુ દિલ્હી,તા.૧૩

દુનિયામાં ફેસબુક પેજને પ્રમોટ કરવા માટે નેતાથી લઈને અભિનેતા સુધી ભલે પૈસા ખર્ચ કરતા હોય પણ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવુ કઈ જ કર્યા વગર સોશિયલ મીડિયાના કિંગ બન્યા છે.

૨૦૧૯ વર્લ્ડ લીડર્સ ઓન ફેસબુકના રિપોર્ટમાં વડાપ્રધાને દુનિયાના બધા જ નેતાઓને પાછળ મુકીને પ્રથમ સ્થાન મેળવ્યુ છે. આ અહેવાલ વાર્ષિક ધોરણે તૈયાર કરવામાં આવેલા 'ટ્રૂલોમસી અભ્યાસ' નો ભાગ છે. આ લિસ્ટમાં બીજા સ્થાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ છે. ત્યારે બ્રાઝીલના રાષ્ટ્રપતિ જાયર બોલસનરો ફેસબુક પર સૌથી વધુ સંકળાયેલા વૈશ્વિક નેતા છે. દુનિયાભરના તાકતવર નેતાઓના સોશિયલ મીડિયા પર તાકાત જાણવા માટે ફેસબુકના ક્રોઉડંગલે ટુલની મદદથી ૯૬૨ ફેસબુક પેજનું વિશ્લેષણ કરવામાં આવ્યુ. તેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ખાનગી ફેસબુક પેજ પર ૪.૩૫ કરોડ લાઈક્સ છે. જ્યારે તેમના અધિકૃત પેજને ૧.૩૭ કરોડ લાઈક્સ મળ્યા છે. ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફેસબુક પેજને ૨.૩૦ કરોડ લાઈક્સ મળ્યા છે.

બ્રાઝીલના નવા રાષ્ટ્રપતિ જાયર બોલસનરો ફેસબુક પર સૌથી વધુ સંકળાયેલા વૈશ્વિક નેતા છે. તેમના પેજ પર ૧૪.૫ કરોડ લોકો સાથે કરેલા સંવાદનો રેકોર્ડ છે.

ટેક્સ માફ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોમ્યુનિકેશનની ફ્રાંસમાં રજીસ્ટર્ડ ટેલિકોમ સબસિડરીના ટેક્સને માફ કરવાની જાહેરાત કરી હતી. જોકે રિલાયન્સ કોમ્યુનિકેશન દ્વારા ફ્રાંસીસી અખબારના રિપોર્ટ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે કોઈપણ પ્રકારની ગેરરીતિ અથવા તો અનિયમિતતા થઈ નથી. અહેવાલ બિલકુલ આધાર વગરના છે. નિયમો હેઠળ જ જે લાભ મળવાના હતા તે મળ્યા હતા. રિલાયન્સ કોમ્યુનિકેશનના એક પ્રવક્તાએ કહ્યું છે કે ટેક્સ ડિમાન્ડ સંપૂર્ણપણે ખોટી અને ગેરકાયદે હતી. કંપનીએ કોઈપણ પ્રકારના પક્ષપાત અથવા તો સેટલમેન્ટથી કોઈપણ પ્રકારના ફાયદા લીધા હોવાનો ઈનકાર કર્યો છે. સમગ્ર મામલો ચર્ચામાં આવ્યા બાદ ફરી એકવાર આક્ષેપબાજીનો દોર શરૂ થયો છે. આરકોમે કહ્યું છે કે ટેક્સ વિભાગને એવી કાયદાકીય જોગવાઈ હેઠળ લાગુ કરવામાં આવ્યા હતા જે ફ્રાંસમાં સંચાલિત તમામ કંપનીઓ માટે ઉપલબ્ધ છે. ટેક્સ વિભાગ એવી તમામ કાયદાકીય જોગવાઈ હેઠળ છે. સંરક્ષણ મંત્રાલયે પણ કહ્યું છે કે રાફેલ ડિલ અને ટેક્સ મામલાને એકસાથે જોડીને જોવાની બાબત સંપૂર્ણપણે ખોટી છે. પક્ષપાત હોવાની સાથે સાથે ગેરમાર્ગે દોરનાર અને લોકોને ભ્રમિત કરનાર છે.

ફ્રાંસીસી અખબારના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ફ્રાંસના ટેક્સ અધિકારીઓએ રિલાયન્સ ફ્લેગ એટલાન્ટીક ફ્રાંસથી નિર્ણય હેઠળ ૭૩ લાખ યુરો આશરે ૫૭.૧૫ કરોડ રૂપિયા સ્વીકાર કર્યા હતા. જ્યારે મૂળભૂત માંગ ૧૫.૧ કરોડ યુરો આશરે ૧૧૮૨ કરોડ રૂપિયા હતી. રિલાયન્સ ફ્લેગના ફ્રાંસમાં ટેરેસ્ટેરીયલ કેબલ નેટવર્ક અને બીજા ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પર પ્રભુત્વ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલિન ફ્રાંસના પ્રમુખ ફ્રાંસવા ઓલાંદની સાથે વાતચીત બાદ ૧૦મી એપ્રિલ ૨૦૧૫ના દિવસે પેરિસમાં ૩૬ રાફેલ વિમાનો ખરીદવાની જાહેરાત કરી હતી. રાફેલ ઉપર અંતિમ ડિલ ૨૩મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે થઈ હતી. વિમાનની કિંમત ઉપરાંત કોંગ્રેસ પાર્ટી તરફથી અનિલ અંબાણીની કંપની રિલાયન્સ ડિફેન્સને ડસો એવિએશનના ઓપસેટ પાર્ટનર તરીકે પસંદ કરવાને લઈને પણ સરકાર પર પ્રહાર કરતા રહ્યા છે. ડસો રાફેલ વિમાન બનાવે છે.

ફ્રાંસીસી અખબારના કહેવા મુજબ ફ્રાંસના ટેક્સ અધિકારીઓએ રિલાયન્સ ફ્લેગમાં તપાસ કરી હતી અને એવું શોધી કાઢ્યું હતું કે કંપની ઉપર ૨૦૦૭ થી ૨૦૧૦ દરમિયાન છ કરોડ યુરો એટલે કે ૪૭૦ કરોડ રૂપિયાના ટેક્સ રહેલા છે. અલબત્ત રિલાયન્સે સેટલમેન્ટ માટે માત્ર ૭૬ લાખ યુરો એટલે કે ૫૯.૫ કરોડ રૂપિયાની ઓફર કરી હતી. જેને ફ્રેન્ટ સત્તાવાળાઓએ ફગાવી દીધી હતી. ઓથોરિટીએ ૨૦૧૦ થી ૨૦૧૨ માટે કંપનીની અન્ય તપાસ કરાવી હતી. જેમાં ૯.૧ કરોડ યુરો અથવા તો ૭૧૨ કરોડ રૂપિયા ટેક્સ ચુકવણીની વાત કરવામાં આવી હતી. અખબારના રિપોર્ટમાં કહેવાયું છે કે એપ્રિલ ૨૦૧૫ સુધી રિલાયન્સ ઉપર ઓછામાં ઓછા ૧૫.૧ કરોડ યુરો અથવા તો ૧૧૮૨ કરોડ રૂપિયાનો ટેક્સ ચૂકવવાનો બાકી હતો. પેરિસમાં મોદી દ્વારા રાફેલ ડિલની જાહેરાત બાદ ઓકટોબર ૨૦૧૫માં ફ્રાંસીસી ઓથોરિટીએ સેટલમેન્ટ હેઠળ રિલાયન્સના ૧૧૮૨ કરોડ રૂપિયાના બદલે ૭૩ લાખ યુરો એટલે કે આશરે ૫૭.૧૫ કરોડ રૂપિયા સ્વીકારી લીધા હતા.

સર્વિસ રોડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કર્મચારીઓની વિશેષ અવરજવર રહે છે. પીક અવર્સ દરમિયાન ઘ માર્ગ ચક્કાજામ જોવા મળે છે. આ ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા તેમજ મુખ્યમાર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે સર્વિસ રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યયોજના અન્વયે વિભાગને દરખાસ્ત પણ કરવામાં આવી હતી. બીજીતરફ આ રૂટમાં ઉદ્યોગભવનથી કલેકટર કચેરી સુધી સર્વિસ રોડ હાલ છે.

જયારે કોર્ટ સંકુલથી પથિકાશ્રમ સુધી સર્વિસ રોડ બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ કોર્ટ સંકુલ તેમજ ડેપોની જગ્યા સંદર્ભે પણ મંજુરી મેળવવાની પ્રકીયા જટીલ છે. ટ્રાફિક સિગ્નલ મુકાયા બાદ પીક અવર્સ દરમિયાન નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર સરળ બની છે. જયારે મુખ્યમાર્ગ પર આવેલી સરકારી કચેરીઓમાં અવરજવર કરતા કર્મચારીઓ માટે આગામી દિવસોમાં સર્વિસ રોડનુ નિર્માણ કરવામાં આવે તો ઘ માર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટાડી શકાય તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ